# દાનનો મહિમા



આ પણાં શાસ્ત્રોમાં દાન કરવાનો મહિમા વર્ણવેલો છે. વર્ષમાં અમુક માસ એવા આવે છે કે તેમાં દાન, પુણ્ય કરવાથી જીવન સુખમય રીતે પસાર થાય છે. કારતક, ચૈત્ર, શ્રાવણ તથા ભાદરવો, દાન કરવાના ચાર મુખ્ય મહિનાઓ છે. અમુક મહિનાઓમાં સ્નાનનો મહિમા બતાવેલો છે પરંતુ દાનનો મહિમા એથી પણ અધિક છે. મકરસંક્રાંતિના દિવસે તલનું દાન કરવાનો મહિમા છે, લોકો તલસાંકળી બનાવે છે અને ગાયો માટે ઘૂઘરી બનાવે છે. શાસ્ત્રોમાં એવું જણાવેલ છે કે મકરસંક્રાંતિના દિવસે દાનપુણ્ય કરવાથી આખું વર્ષ સુખ શાંતિથી પસાર થાય છે અને આર્થિક ફાયદો થાય છે.

> “નિઃ સ્વાર્થ ભાવે આપેલું દાન જ સાચું દાન છે, જેમાં કોઈની આંતરડી ઠારવાની ભાવના હોય છે. અહીં કહેવાનો ભાવાર્થ એવો છે કે ખોટો ડોળ કે આડંબર કરવા દાનનો દેખાડો ન કરવો જોઈએ. દાનની ગરિમા ગુપ્ત રહેવી જોઈએ”

સમાજમાં દરેક વ્યક્તિની આવક એકસરખી હોતી નથી. ઘણી વ્યક્તિઓની આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી હોય છે પરંતુ શરમ અને સંકોચવશ તેઓ અન્ય વ્યક્તિઓ પાસે લાચાર થઈ હાથ ફેલાવી શકતાં નથી, કિન્તુ એમને પણ વારતહેવારે સારું જમવાનું મળી રહે તથા આર્થિક મદદ મળી રહે એ હેતુથી જ આ દાનનો મહિમા અમલમાં આવ્યો હશે એવું માની શકાય. સામાન્ય રીતે દરેક વ્યક્તિને પોતાનું આત્મગૌરવ હોય છે, તેથી તે કોઈની પાસે હાથ લંબાવે તો કોઈ મદદ કરે કે ન પણ કરે તથા અપમાનિત પણ કરે. આવું ના બને તે હેતુથી આપણા વડવાઓએ દીર્ઘ દૃષ્ટિ વાપરીને આ દાનનો મહિમા વિકસાવ્યો હશે અને એને ધાર્મિક બાબતો સાથે જોડી દીધેલ હશે. આમ કરવાથી દાન લેનાર તથા દાન આપનાર બેઉની ગરિમા જળવાઈ રહે છે અને દાન મેળવનારને કોઈ પ્રકારનો છોછ કે સંકોચ થતો નથી. દાન આપવાનો મહિમા આજનો નથી, પરંતુ યુગો પુરાણો છે. રામાયણ, મહાભારતની કથાઓમાં પણ દાનનો મહિમા વર્ણવેલ છે. દુનિયામાં દાનવીરો તો ઘણા થઈ ગયા પરંતુ એમાં ગણ્યાગાંઠ્યા દાનવીરો જ સાચા દાનવીરો ગણાય છે.

વારતહેવારે ઘણાં લોકો દાન કરતાં હોય છે પરંતુ એ સાચું દાન નથી કારણ કે એ દાન કરવા પાછળ આપણો કોઈ ને કોઈ સ્વાર્થ છુપાયેલો હોય છે. કોઈ પોતાની મિલકતનો રૂઆબ બતાવવા માટે દાન કરે છે, કોઈ પોતાની મોટાઈ કે મહત્તા બતાવવા માટે દાન કરે છે, કોઈ પોતાનાં માતાપિતાની સદગતિ કરવાના હેતુસર દાન કરે છે, કોઈ નામ કમાવવાના હેતુથી દાન કરે છે તો કોઈ રાજકીય સ્વાર્થ સાધવા દાન કરે છે. ઘણી વ્યક્તિઓ એવી રીતે દાન કરે છે કે તેઓ સામી વ્યક્તિ ઉપર જાણે કોઈ ઉપકાર કે અહેસાન કરતાં હોય. હકીકતમાં દાનની ગરિમા ગુપ્ત રહેવી જોઈએ. એક હાથે દાન આપીએ તો બીજા હાથને ખબર પણ ન પડવી જોઈએ. શ્રાવણ માસ એ હિન્દુઓનો પવિત્ર માસ ગણવામાં આવે છે અને આ માસમાં મોટાભાગના લોકો દાનપુણ્ય કરે છે, દાનદક્ષિણા આપે છે પરંતુ એમાં એમનો આશય પુણ્ય કમાવાનો હોય છે. ભાદરવો મહિનો શ્રાદ્ધ કે પિતૃપક્ષ તરીકે ઓળખાય છે અને આ માસમાં પોતાના વડીલો કે આપ્તજનોના આત્માની શાંતિ માટે એમની પાછળ પૂજાપાઠ કે દાન કર્મ કરવામાં આવે છે. કારતક તથા ચૈત્ર મહિનામાં પોતાના પિતૃઓની સદગતિ અર્થે ઘણાં લોકો ચાંદોદ (ચાણોદ), સિદ્ધપુર કે ગયાજીમાં જઈને શ્રાદ્ધવિધિ, તર્પણ કે દાનદક્ષિણા કરે છે. આમ આપણે જે કોઈ દાન કર્મ કરીએ છીએ એમાં આપણે કોઈ ધાડ મારતા નથી કારણ કે એમાં આપણો પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વાર્થ છુપાયેલો હોય છે. ઘણાં શેઠ, શાહુકાર કે ધનવાન જેવી વ્યક્તિઓ અનાથાશ્રમ કે નારી સંરક્ષણ ગૃહમાં દાન કરે છે પરંતુ આવી સંસ્થાઓમાં એમના અનૌરસ સંતાનો તથા ઉપપત્નીઓ પલવાતી હોય છે અને પોતાની આબરૂ સમાજમાં ખરડાય ના એવા હેતુથી તેઓ દાન કે સખાવત કરે છે. બીજું આપણે દરરોજ દાન કરવાનો કોઈ નિયમ લીધો હોતો નથી પરંતુ આપણી ઈચ્છા થાય ત્યારે જ દાન કરીએ છીએ. જ્યારે દાનેશ્વરી કર્ણ, શેઠ સગાળશા, રાજા યુધિષ્ઠિર તથા રાજા હરિશ્ચંદ્ર વગેરે તો દરરોજ દાન કરતા હતા અને એમના આંગણેથી એક પણ યાચક ખાલી હાથે પાછો જતો ન હતો અને ભૂલેચૂકે કોઈ દિવસ એક પણ યાચક દાન લેવા ન આવે તો આ લોકો ઉપવાસ કરી પ્રાયશ્ચિત્ત કરતા હતા. દાનેશ્વરી કર્ણ દરરોજ સોનાનું દાન કરતા હતા, શેઠ સગાળશા દરરોજ અન્નનું દાન કરતા હતા, રાજા યુધિષ્ઠિર અલંકારો અને આભૂષણોનું દાન કરતા હતા તો રાજા હરિશ્ચંદ્ર દરરોજ વસ્ત્રોનું દાન કરતા હતા. બીજી તરફ વીર ભામાશા અને શેઠ જગડુશાએ પોતાની તમામ માલમિલકત પોતાના સ્વામીને દાનમાં અર્પણ કરી દીધી હતી.

હકીકતમાં નિઃ સ્વાર્થ ભાવે આપેલું દાન જ સાચું દાન છે, જેમાં કોઈની આંતરડી ઠારવાની ભાવના હોય છે. અમુક દાતાઓ એવા હોય છે કે ક્યારેય જાહેરમાં આવતા જ નથી કે ક્યાંય પોતાના નામની તક્તી મુકાવતા નથી. ઘણી વ્યક્તિઓ એવી પણ હોય છે કે તેઓ દાન ધર્મમાં બિલકુલ માનતી જ નથી કે મંદિરમાં પણ પાઈ પૈસો મૂકતી નથી પરંતુ આવા લોકો એવું સમજતા નથી કે મંદિરમાં પૂજાસામગ્રી લાવવી પડે છે, આરતી કરવી પડે છે, પ્રસાદ ધરાવવો પડે છે તથા અન્નક્ષેત્ર ચલાવવું પડે છે. તો આ બધું કરવા માટે પૈસા આવશે ક્યાંથી એનો વિચાર આવી વ્યક્તિઓ કરતી નથી. આપણે દાનપેટીમાં જે કોઈ નાનીમોટી રકમ મૂકીશું એમાંથી જ આ બધો ખર્ચ કરી શકાય છે. અહીં કહેવાનો ભાવાર્થ એવો છે કે ખોટો ડોળ કે આડંબર કરવા દાનનો દેખાડો ન કરવો જોઈએ.આપણી શક્તિ અને પરિસ્થિતિ પ્રમાણે ફૂલ નહીં તો ફૂલની પાંખડી એ ન્યાયે દરેક વ્યક્તિએ થોડું ઘણું દાન તો જરૂરથી કરવું જોઈએ.

યોગેશભાઈ આર જોશી

---

# તંગ કે ઢીલું?

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

પ શ્ચિમ બંગાળના નૈઋત્ય ખૂણામાં, દીધાની બાજુમાં, ઓરિસ્સાની સરહદ પર, ખરગપુર જિલ્લામાં સુવર્ણરેખા નદીના પશ્ચિમ કાંઠે, બાસરા ગામના સીમાડે, જોજલદાસ બાઉલનો આશ્રમ છે. અમને એ આશ્રમ પર તેના ગુરુ રતનદાસ સાથે જવાની તક મળી (જોજલ એ બંગાળી શબ્દ છે તેનો ગુજરાતીમાં અર્થ થાય કટાયેલો!) તેનું જોજલદાસ નામ રતનદાસે જ આપેલું હતું. અમે આ આશ્રમમાં પહોંચ્યા ત્યારે, ચાલીશ જેટલા બાઉલ પ્રેમી વચ્ચે જોજલદાસ બાઉલગાન કરતા હતા.

ગુરુને આવતા જોઈ ગોપીયંત્રને નીચે મૂકી જોજલદાસે દોટ મૂકી! આશ્રમના ઝાંપા તરફ સ્વાગત માટે દોડ્યા. ગુરુ રતનદાસે તેને આલિંગન દઈ આશીર્વાદ આપ્યા. રતનદાસે આસન લીધું અને બાઉલગાન આગળ ચલાવવા કહ્યું . જોજલદાસે માલકોષ રાગ અને દાદરા તાલમાં બાઉલગીત શરૂ કર્યું,

એઇ મનેર માનુષ!
એઇ મનેર માનુષ, તાણાની દોર તુમિ દિખિયાછિ આમકે :
એઈ સ્તંભ થેકે પ્રથમ સ્તંભ આમિ પોચિબો કી ભાવે?

ગીત તો આગળ વધતું ગયું પરંતુ મંડળીમાં બેઠેલ એક બાર-તેર વર્ષનો કિશોર ઊંચો-નીચો થઈ તેની પાસે બેઠેલ આધેડ માણસ સાથે કાનમાં કંઈક ઘુસપુસ કરવા લાગ્યો. રતનદાસ સર્વોદષ્ટિથી આ બધું જોતા હતા. તે બાઉલગીત સાંભળતા હતા અને શ્રોતાઓની તરફ પણ નજર રાખતા હતા.

તેણે મને પૂછ્યું, ‘‘સતીશબાબુ, આ કડી સમજાઈ ગઈ? તો તેનો અર્થ કહો.’’

મેં કહ્યું, ‘‘આવો કંઈક અર્થ નીકળે છે, હે મનેર માનુષ! તે મને કેવી તંગ દોરડી આપી દીધી છે? આ થાંભલેથી પહેલા દૂરના થાંભલે, નીચે પટક્યા વગર હું કઈ રીતે પહોંચી શકીશ?’’

તેઓ મારી સામે જોઈ હસ્યા, અને હળવેથી બોલ્યા, ‘‘આ જોજલદાસનું લખેલું ગીત છે. તેમાં કંઈ ભૂલ લાગે છે?’’

મેં કહ્યું, ‘‘ના, તંગ સ્થિતિમાં માણસ ઈશ્વરને પ્રાર્થના કરે છે, તેમાં કશું ખોટું નથી!’’

રતનદાસ થોડા અણગમા સાથે ચૂપ થઈ ગયા. આ તરફ ગીત પૂર્ણ થયું. ચેતનદાસે બેઠેલા લોકોમાંથી તે ઘુસપુસ કરનાર બાળક અને તેના વડીલને પાસે બોલાવ્યા.

કિશોરના ખભા પર હાથ મૂકીને કહ્યું, ‘‘બેટા! ગીત ચાલતું હતું ત્યારે તું તારા બાપને શું કહેતો હતો?’’


બાળક કંઈ જવાબ આપે તે પહેલા તેના પિતાએ કહ્યું, ‘‘બાઉલ ગુરુ! જવા દો ને આ તો બિચારું નાનું બાળક છે!’’

રતનદાસ બોલ્યા, ‘‘ના, કહો!’’

તે છોકરો બોલ્યો, ‘‘બાઉલ ગુરુ! અમે નટબજાણીયા છીએ! દોરડા પર ચાલવાનું જ અમારું કામ છે!’’

રતનદાસ બોલ્યા , ‘‘તે તો તારા શરીરના બાંધા પરથી સમજાઈ ગયું હતું! આગળ કહે!’’

> “હું બાપુને એમ કહેતો હતો કે આ બાઉલ ઊલટું કેમ બોલે છે? બાપુ, તમે તો શીખવ્યું છે કે બે વાંસડા વચ્ચે બાંધેલી દોરડી જો ઢીલી હોય તો પડવાની બીક લાગે, હાલકડોલક વધુ થવાય, તંગ દોરેલી હોય તો ચાલવાની વધુ મજા આવે”



છોકરો બોલ્યો, ‘‘હું બાપુને એમ કહેતો હતો કે આ બાઉલ ઊલટું કેમ બોલે છે? બાપુ, તમે તો શીખવ્યું છે કે બે વાંસડા વચ્ચે બાંધેલી દોરડી જો ઢીલી હોય તો પડવાની બીક લાગે, હાલકડોલક વધુ થવાય, તંગ દોરેલી હોય તો ચાલવાની વધુ મજા આવે.’’

રતનદાસે કહ્યું, ‘‘વાહ! તારી વાત ખૂબ સાચી છે!’’

પછી જોજલદાસ સામે જોઈને કહ્યું, ‘‘જીવનમાં અનુભવ લઈ અને પછી તે અનુભૂતિને ગીતમાં ઢાળવી. ધારણા આધારે કશું ન લખવું. જો જોજલ! ગામમાં બે દિવસ માટે આ નટબજાણીયા આવ્યા છે! તેના દંગા પર જઈ દોરડી પર ચાલી, અનુભવ કરજે! પછી ગીત લખજે.’’

સમાપનમાં બોલ્યા, ‘‘ઝૂલે નહીં તેવી ઢીલી અને ઉડાડી ન દે તેવી તંગ શ્રદ્ધાની દોરડીથી જ સાધક બાઉલ આ સ્તંભથી પહેલા સ્તંભ સુધીની યાત્રા કરી શકે.’’

અનુભૂતિ અને અનુભવને ગીતમાં ઢાળવાની રતનદાસની રત્ન સમાન શિખામણ ચોતરફ ઝળહળતી હતી.